# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ત્રીજું સત્ર

# ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ - કલાઈમેટ ચેન્જ - નાણા - આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - વૈધાનિક અને સંસદીય બાબતો - મીઠા ઉદ્યોગ - વન અને પર્યાવરણ - છાપકામ અને લેખનસામગ્રી - સહકાર - અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો - ન્યાયતંત્ર - પ્રવાસન - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જળસંપત્તિ અને પાણી પુરવઠા ].

**કુલ પ્રશ્નો 113**

----

## ખંભાત તાલુકામાં પાઈપલાઈનથી પીવાના પાણી બાબત

15/3/450 *1 **શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના કેટલા ગામોને પીવાનું પાણી પાઈપલાઈનથી પુરૂ પાડવામાં આવે છે, અને કેટલા ગામોને પાઈપલાઈનથી ક્યા કારણોસર પાણી પુરૂ પાડવામાં આવતું નથી, અને

(૨) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પાઈપલાઈનથી પીવાનું પાણી પુરૂ પાડવામાં આવશે ?

----

## સાવરકુંડલા ખાતે હોસ્પિટલ

15/3/548 *2 **શ્રી જનકભાઈ તળાવિયા (લાઠી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ સાવરકુંડલા ખાતે ૨૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## ડાકોર ખાતે હોસ્પિટલ

15/3/523 *3 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ડાકોર ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## રાજ્યમાં નવી મેડીકલ કોલેજોનું બાંધકામ

15/3/538 *4 **શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં નવી મેડીકલ કોલેજોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## મોડાસા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલ

15/3/547 *5 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ મોડાસા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## માલકી યોજના હેઠળ લાભાર્થીઓને લાભ

15/3/190 *6 **શ્રી રાજેશકુમાર મગનભાઈ ઝાલા (કપડવંજ):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ માલકી યોજના રાજ્યના કયા જિલ્લામાં અમલમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો?

----

## નર્મદા જિલ્લામાં નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

15/3/528 *7 **ડૉ.જયરામભાઇ ચેમાભાઇ ગામીત (નિઝર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું બાંધકામ કયા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

----

## ગાંધીનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/3/191 *8 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## રાજ્યના માર્કેટીંગ યાર્ડોમાં ભૌતિક સુવિધાઓ

15/3/424 *9 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**સહકાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યના માર્કેટીંગ યાર્ડોમાં ખેતી પાકો ખુલ્લા પડી રહેતા કુદરતી વરસાદ અને માવઠાના કારણે વ્યાપક નુકશાન થાય છે, તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો માર્કેટીંગ યાર્ડોમાં ભૌતિક સુવિધાઓ ઉભી કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઇ બજેટમાં કરવામાં આવી, અને

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

----

## નવસારી જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ

15/3/4 *10 **શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ (નવસારી ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ નવસારી જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ?

----

## જામજોધપુર તાલુકાની જીણાવારી ગામ ખાતે વર્તુ નદી પર ડેમ બનાવવા બાબત

15/3/515 *11 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ જીણાવારી ગામ ખાતે વર્તુ નદી પર ડેમ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ક્યારે મંજુરી આપવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત યોજનામાં કેટલા અસરગ્રસ્તો/ખેડૂત ખાતેદારોની સહમતિ મેળવવી અનિવાર્ય છે ?

----

## મોરબી જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવતેર

15/3/197 *12 **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર કરી શકાય તેવો કેટલો વિસ્તાર આવેલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિસ્તારમાંથી કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે શું આયોજન છે?

----

## ખેડા ખાતે નવી ઓપીડી હોસ્પિટલ

15/3/520 *13 **શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા (મહુધા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ખેડા, જિ. ખેડા ખાતે નવી ઓપીડી હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે?

----

## દસક્રોઇ તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ બાબત

15/3/301 *14 **શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ (દસક્રોઈ):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના ગામો માટે કેટલી આંતરિક પેયજળ યોજનાઓ પ્રગતિ હેઠળ છે, અને

(૨) ઉક્ત મંજૂર કરેલ યોજનાઓ માટે કુલ કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી ?

----

## નવી બોયઝ હોસ્ટેલનું બાંધકામ

15/3/543 *15 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલ કોલેજો માટે નવી બોયઝ(પી.જી.) હોસ્ટેલના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું તે હકીકત સાચી છે?

(૨) જો હા, તો કેટલી હોસ્ટેલ અને તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે?

----

## વનલક્ષ્મી યોજના હેઠળ લાભાર્થીઓને લાભ

15/3/189 *16 **શ્રી યોગેશ આર. પટેલ (આણંદ):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ વનલક્ષ્મી યોજના રાજ્યના કયા જિલ્લામાં અમલમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો?

----

## વડોદરા જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ

15/3/9 *17 **શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ (કરજણ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ?

----

## ટુરીસ્ટ ગાઈડોને લાયસન્સ

15/3/269 *18 **શ્રી અમિત ઠાકર (વેજલપુર):**

**પ્રવાસન :-**

(૧) તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ પ્રવાસન પ્રભાગ દ્વારા ટુરીસ્ટ ગાઈડોને લાયસન્સ આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ટુરીસ્ટ ગાઈડોને લાયસન્સ આપવામાં આવેલ છે, અને

(૩) ટુરીસ્ટ ગાઈડોને ક્યા ક્યા પ્રકારના લાયસન્સ આપવામાં આવે છે?

----

## ઉંઝામાં નકલી જીરૂ બનાવતી ફેક્ટરીઓ

15/3/434 *19 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉંઝામાં નકલી જીરૂ બનાવતી કેટલી

અને કઈ ફેક્ટરીઓ ફુડ એન્ડ ડ્રગ્ઝ ખાતા દ્વારા પકડવામાં આવી,

(૨) ઉક્ત ફેક્ટરીઓ ક્યારથી કાર્યરત હતી, અને

(૩) ઉક્ત નકલી જીરૂ બનાવતી ફેક્ટરીઓ ચલાવતા કેટલા ઈસમો વિરૂધ્ધ શા પગલાં લેવામાં આવ્યા?

----

## અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેસો

15/3/527 *20 **શ્રી કાળુભાઈ રૂપાભાઈ ડાભી (ધંધુકા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી મેલેરિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) મેલેરિયા અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## ગાંધીનગર જિલ્લામાં ચિકુનગુનિયાના કેસો

15/3/531 *21 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર (ઉત્તર)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ચિકુનગુનિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) ઉક્ત સમયગાળામાં તે પૈકી ચિકુનગુનિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ચિકુનગુનિયા અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## ભાવનગર જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

15/3/207 *22 **શ્રી ગૌતમભાઈ ગોપાભાઈ ચૌહાણ (તળાજા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવેલ છે?

----

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગની યોજનાઓ

15/3/510 *23 **શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (દેડીયાપાડા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગની કઈ કઈ યોજનાઓની કામગીરી પ્રગતિમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ યોજનાવાર કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાઓ યોજનાવાર કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

----

## રાજ્યમાં સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ

15/3/153 *24 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ઉદ્યોગોના પાણી પ્રદૂષણના નિયંત્રણ માટે શી વ્યવસ્થા કરેલ છે,

(૨) રાજ્યમાં ઉક્ત સ્થિતિએ ગંદા પાણીના શુધ્ધિકરણ માટે સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ (CETP)ની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત સંખ્યામાં વધારો કરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે?

----

## કચ્છ જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ

15/3/7 *25 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ?

----

## તાપી જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી

15/3/204 *26 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી હેઠળ છેલ્લા બે

વર્ષમાં કેટલા હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેનાથી કેટલા વાંસનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## મહીસાગર જિલ્લામાં ડેન્ગ્યુના કેસો

15/3/529 *27 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ડેન્ગ્યુથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) ડેન્ગ્યુ અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## જુનાગઢ જિલ્લાની ઓઝત અને ભાદર નદીને ઊંડી અને પહોળી કરવા બાબત

15/3/444 *28 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાંથી પસાર થતી ઓઝત અને ભાદર નદીને ઊંડી અને પહોળી કરવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

----

## સુરત જિલ્લામાં સામૂહિક વન નિર્માણ

15/3/193 *29 **શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## દહેગામ ખાતે હોસ્પિટલ

15/3/536 *30 **શ્રી જયંતિભાઇ સોમાભાઇ પટેલ (માણસા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ દહેગામ, જિ.-ગાંધીનગર ખાતે ૫૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## બોટાદ જિલ્લામાં ડેન્ગ્યુના કેસો

15/3/530 *31 **મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા (ગઢડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બોટાદ જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ડેન્ગ્યુથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) ડેન્ગ્યુ અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## ફતેપુરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/3/192 *32 **શ્રી રમેશભાઇ ભુરાભાઇ કટારા (ફતેપુરા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ હસ્તકના રીસોર્ટ અને હોટેલ

15/3/503 *33 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**પ્રવાસન :-**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ હસ્તકના દરિયા કિનારે ક્યા ક્યા સ્થળે રીસોર્ટ અને હોટેલ આવેલા છે,

(૨) ઉક્ત રીસોર્ટ /હોટેલ દરિયા કિનારાથી નજીક હોય તો સી.આર.ઝેડની મંજૂરી ક્યારે લેવાઈ,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત રીસોર્ટ/હોટેલ વાર કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત રીસોર્ટ/હોટેલ વાર કેટલી રકમની ભાડાની આવક થઈ?

----

## ખાનગી કંપની પાસેથી વીજળી ખરીદવા બાબત

15/3/218 *34 **શ્રી ઉમેશભાઇ નારણભાઈ મકવાણા (બોટાદ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કઈ કઈ ખાનગી કંપની પાસેથી યુનિટ દીઠ શા ભાવે કુલ કેટલી વીજળીની ખરીદી કરી ?

----

## મોરબી જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

15/3/187 *35 **શ્રી દુર્લભજીભાઈ હરખજીભાઈ દેથરીયા (ટંકારા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવેલ છે?

----

## રાજ્યમાં ડોલ્ફીનની વસ્તી

15/3/209 *36 **શ્રી કેશુભાઈ શીવદાસ પટેલ (ભૂજ):**

**વન અને પર્યાવરણ :-**

(૧) રાજ્યમાં ડોલ્ફીનની વસ્તી ગણતરી કેટલા વર્ષે કરવામાં આવે છે,

(૨) રાજ્યમાં ડોલ્ફીનની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડોલ્ફીનની કુલ વસ્તી કેટલી છે?

----

## પ્લાસ્ટિકના કચરાને પુનઃચક્રિત કરવા બાબત

15/3/154 *37 **શ્રી ચૈતન્ય મકરંદભાઈ દેસાઈ (અકોટા):**

**વન અને પર્યાવરણ :-**

તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે પ્લાસ્ટિકના ઉપયોગને અટકાવવા તથા પ્લાસ્ટિકના કચરાનું એકત્રિકરણ કરી પુનઃચક્રિત(રીસાયકલ) કરવા અંગે લોકોમાં જાગૃતતા ફેલાવવા શી કાર્યવાહી કરેલ છે?

----

## રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/3/194 *38 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## છોટા ઉદેપુર જિલ્લામાં નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

15/3/526 *39 **શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા (જેતપુર(એસ.ટી.)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું બાંધકામ ક્યા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

----

## દાહોદ જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ

15/3/10 *40 **શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો

કરવાનું આયોજન છે ?

----

## સુરત જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ

15/3/28 *41 **શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઈ પાટીલ (લીંબાયત):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ સુરત જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ?

----

## જામનગર જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવતેર

15/3/196 *42 **શ્રી દિવ્યેશભાઈ રણછોડભાઈ અકબરી (જામનગર (દક્ષિણ)):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર કરી શકાય તેવો કેટલો વિસ્તાર આવેલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિસ્તારમાંથી કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે શું આયોજન છે?

----

## કચ્છ જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ

15/3/203 *43 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) આ ચેકડેમ અને વન તલાવડી બનાવવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## કચ્છ જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવતેર

15/3/195 *44 **શ્રી ત્રિકમ બિજલ છાંગા (અંજાર):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર કરી શકાય તેવો કેટલો વિસ્તાર આવેલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિસ્તારમાંથી કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે શું આયોજન છે?

----

## રાજ્યમાં સરકારી લો કોલેજોનું મહેકમ

15/3/438 *45 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી લો કોલેજ કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## વિજાપુર તાલુકામાં ભેળસેળયુક્ત મરચા પાવડર

15/3/415 *46 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં ફુડ એન્ડ ડ્રગ્સ ખાતા દ્વારા કેટલી રેડ કરીને કેટલી રકમનો ભેળસેળયુક્ત મરચાના પાવડરનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ઉક્ત ભેળસેળ કરનાર ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

----

## જામનગર જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ

15/3/8 *47 **શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા (કાલાવડ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ જામનગર જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો

કરવાનું આયોજન છે ?

----

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ગુણ સુધારણા બાબતે તપાસ સમિતિનો અહેવાલ

15/3/430 *48 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રથમ વર્ષ MBBS પુનઃ મૂલ્યાંકન ગુણ સુધારણા પ્રકરણ બાબતે પૂર્વ એ.સી.એસ. ગૃહ વિભાગ, શ્રી પંકજ કુમારની તપાસ સમિતિએ ક્યારે સરકારને અહેવાલ આપ્યો, અને

(૨) ઉક્ત અહેવાલ અન્વયે યુનિવર્સિટીના કયા જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા?

----

## પંચમહાલ અને દાહોદ જિલ્લામાં નલ સે જલ યોજનાનાં કામોમાં ભ્રષ્ટાચાર

15/3/456 *49 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને દાહોદ જિલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદો અંગે શી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસમાં ક્યા જિલ્લામાં ક્યા સ્થળે ઉક્ત કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૪) તે અન્વયે ક્યા જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધા ?

----

## અમદાવાદ જિલ્લામાં ડેન્ગ્યુના કેસો

15/3/533 *50 **શ્રી હાર્દિક ભરતભાઈ પટેલ (વિરમગામ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ડેન્ગ્યુથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) ડેન્ગ્યુ અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## મહેસાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલ

15/3/534 *51 **શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ મહેસાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## રાજ્યમાં દિપડાની વસ્તી

15/3/212 *52 **શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) રાજ્યમાં દિપડાની વસ્તી ગણતરી કેટલા વર્ષે કરવામાં આવે છે,

(૨) રાજ્યમાં દિપડાની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્યમાં દિપડાની કુલ વસ્તી કેટલી છે?

----

## ટુરીસ્ટ ગાઈડોને તાલીમ

15/3/270 *53 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**પ્રવાસન :-**

(૧) વર્ષ ૨૦૨૨-૨૩ વર્ષમાં પ્રવાસન પ્રભાગ દ્વારા ટુરીસ્ટ ગાઈડ માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ ,

(૨) જો હા, તો ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી,

(૩) સદર તાલીમનું આયોજન ક્યાં કરવામાં આવેલ હતું, અને

(૪) પ્રવાસન ક્ષેત્રમાં કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ

15/3/5 *54 **શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ (સાણંદ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ?

----

## મહેસાણા જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ

15/3/6 *55 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ?

----

## રાજ્યમાં GSTની ચોરી

15/3/320 *56 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**નાણા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની SGST કમિશ્નર કચેરીને GSTની ચોરી સંબંધેની કુલ કેટલી ફરિયાદો મળેલ છે,

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે કેટલી સ્થળ તપાસ કરવામાં આવી અને કેટલી ફરિયાદોની સ્થળ તપાસ કરવામાં આવેલ નથી અને તેના કારણો શા છે, અને

(૩) SGST કમિશ્નર કચેરી દ્વારા કરવામાં આવેલ સ્થળ તપાસના આધારે કુલ કેટલી રકમની GSTની ચોરી પકડાઇ ?

----

## અટલ ભૂજલ યોજના હેઠળ મળેલ રકમ

15/3/448 *57 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અટલ ભૂજલ યોજના હેઠળ કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંકનો ફાળો કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી રકમ મળી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંક તરફથી મળેલ રકમ પૈકી કેટલી રકમ વાપરવામાં આવી ?

----

## વલસાડ જિલ્લામાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ

15/3/3 *58 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ?

----

## નડીયાદ તાલુકામાં સામૂહિક વનનિર્માણ યોજના

15/3/188 *59 **શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર (માતર):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડીયાદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## નાણા વિભાગા અને તેના તાબા હેઠળની ગાંધીનગર જિલ્લામાં આવેલ કચેરીમાં વર્ગ-૩ના કર્મચારીઓનું મહેકમ

15/3/418 *60 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**નાણા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ નાણાં વિભાગ અને નાણા વિભાગના તાબા હેઠળની ગાંધીનગર જિલ્લામાં આવેલ કચેરીઓમાં વર્ગ-૩ના કેટલા કર્મચારીઓ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કર્મચારીઓ પૈકી કેટલા કાયમી, ફિક્સ પગારના અને કોન્ટ્રાક્ટ આધારીત છે, અને

(૩) ઉક્ત કાયમી, ફિક્સ પગાર અને કોન્ટ્રાક્ટ આધારીત કર્મચારીઓનું સંવર્ગવાર શરૂઆતનું પગારધોરણ કેટલું છે ?

----

## રાજ્યમાં અટલ ભૂજલ યોજના

15/3/427 *61 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અટલ ભૂજલ યોજનાનું ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવ્યું,

(૨) ઉક્ત કામગીરી કઈ એજન્સીને સોંપવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત કેટલી ગ્રામ પંચાયતોને તાલીમ અપાઇ ?

----

## નર્મદા જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી

15/3/205 *62 **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેનાથી કેટલા વાંસનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## મહેસાણા જિલ્લામાં નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

15/3/535 *63 **શ્રી કરશનભાઇ પુંજાભાઇ સોલંકી (કડી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે,

(૨) તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## રાજ્યમાં ડોલ્ફીનના સંરક્ષણ માટે ઓથોરીટી

15/3/210 *64 **શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડોલ્ફીનના સંરક્ષણ માટે કોઈ ઓથોરીટી છે,

અને

(૨) જો હા, તો તેનું કાર્યક્ષેત્ર શું છે?

----

## ભરૂચ જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવતેર

15/3/198 *65 **શ્રી રીતેશકુમાર રમણભાઈ વસાવા (ઝઘડીયા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર કરી શકાય તેવો કેટલો વિસ્તાર આવેલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિસ્તારમાંથી કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે શું આયોજન છે?

----

## ઉના ખાતે હોસ્પિટલ

15/3/519 *66 **શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ (ઉના ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ઉના, જિ.-ગીર સોમનાથ ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે?

----

## રાજ્યમાં રીંછની વસ્તી

15/3/213 *67 **શ્રી મહેન્દ્રભાઈ રમેશભાઈ ભાભોર (ગરબાડા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) રાજ્યમાં રીંછની વસ્તી ગણતરી કેટલા વર્ષે કરવામાં આવે છે,

(૨) રાજ્યમાં રીંછની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રીંછની કુલ વસ્તી કેટલી છે?

----

## ખાનગી યુનિવર્સિટીઓમાં વાઈસ ચાન્સેલરની નિમણૂંકો

15/3/453 *68 શ્રી અમિત ચાવડા (આંકલાવ):

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-

(૧) તા. ૩૧/૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓમાં યુજીસીના નિયમો વિરૂધ્ધ વાઈસ ચાન્સેલરની નિમણૂંકો થતી હોવાની હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યની કેટલી યુનિવર્સિટીઓમાં ઉક્ત નિયમો વિરુધ્ધ અને લાયકાત વિનાના વાઈસ ચાન્સેલરો કાર્યરત છે, અને

(૩) ખાનગી યુનિવર્સિટીઓમાં યુજીસીના નિયમોનું પાલન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## નેશનલ મેડિકલ કાઉન્સિલના તા. ૦૩-૦૨-૨૦૨૨ના ઓફિસ મેમોરન્ડમના અમલ બાબત

15/3/441 *69 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):

આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજો/ડીમ્ડ યુનિવર્સિટીઓમાં અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની ૫૦% સીટો ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં જે ફીનું ધોરણ છે તે ફીથી ભરવા સંબંધમાં નેશનલ મેડિકલ કાઉન્સિલનો તા. ૦૩-૦૨-૨૦૨૨ના ઓફીસ મેમોરેન્ડમ રાજ્ય સરકારને મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓફિસ મેમોરેન્ડમના ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષથી અમલ માટે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## આણંદ જિલ્લામાં ફોરેસ્ટ કવર

15/3/451 *70 શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત):

વન અને પર્યાવરણ :-

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ફોરેસ્ટ કવર કેટલા વિસ્તારમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કવરમાં કેટલો વધારો-ઘટાડો થયો, અને

(૩) ફોરેસ્ટ કવરનો ઘટાડો અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

----

## ખેડા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

15/3/541 *71 શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):

આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે,

(૨) તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## ખેડા જિલ્લામાં નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

15/3/540 *72 **શ્રી રાજેશકુમાર મગનભાઈ ઝાલા (કપડવંજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે,

(૨) તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## ભિલોડા ખાતે હોસ્પિટલ

15/3/537 *73 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ભિલોડા, જિ.-અરવલ્લી ખાતે ૧૨૫ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## બિપરજોય વાવાઝોડા સમયે ઘોરાડ પક્ષીઓની સુરક્ષા

15/3/425 *74 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**વન અને પર્યાવરણ :-**

(૧) જૂન-૨૦૨૩માં કચ્છમાં આવેલ બિપરજોય વાવાઝોડાથી ઈન્ડિયન બસ્ટાર્ડ(ઘોરાડ) પક્ષીઓને સુરક્ષિત રાખવા માટે શા પગલાં લેવામાં આવેલ હતા,

(૨) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં ઘોરાડ પક્ષીની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પક્ષીઓની સંખ્યામાં વધારો થાય તે માટે શા પગલાં લીધાં?

----

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ મેળવવા મળેલ અરજીઓ**

15/3/514 *75 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈ.સી(એન્વાયરમેન્ટ ક્લીયરન્સ) મેળવવાની કેટલી અરજીઓ મળેલ,

(૨) ઉક્ત અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર થયેલ અને કેટલી નામંજૂર થયેલ છે, અને

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે?

----

**આણંદ ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલ**

15/3/546 *76 **શ્રી યોગેશ આર. પટેલ (આણંદ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ આણંદ ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે?

----

**સોલા ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

15/3/545 *77 **શ્રી અમિત ઠાકર (વેજલપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અમદાવાદ, સોલા ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે?

----

**ભાવનગર જિલ્લામાં નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

15/3/524 *78 **શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું બાંધકામ ક્યા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

----

## પ્રધાનમંત્રી વન ધન યોજના હેઠળ લાભાર્થીઓને લાભ

15/3/217 *79 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી વન ધન યોજના રાજ્યના કયા જિલ્લામાં અમલમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો?

----

## નવી ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ

15/3/542 *80 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલ કોલેજો માટે નવી ગર્લ્સ હોસ્ટેલના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી હોસ્ટેલ અને તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## માણાવદરનાં રાજીવ ગાંધી માર્કેટીંગ યાર્ડમાં મળેલ ભ્રષ્ટાચારની ફરિયાદો

15/3/445 *81 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**

**સહકાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજીવ ગાંધી માર્કેટીંગ યાર્ડ, માણાવદરમાં ભ્રષ્ટાચારની તપાસ કરવા અને વહીવટદાર મુકવા અંગેની કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કઈ કક્ષાએથી તપાસ કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસ દરમિયાન કેવા પ્રકારની ગેરરીતિઓ સામે આવી, અને

(૪) તે અન્વયે ક્યા જવાબદારો સામે શાં પગલાં લીધા ?

----

## તાપી જિલ્લાના ઉચ્છલ ખાતે હોસ્પિટલ

15/3/522 *82 **શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ઉચ્છલ,જિ.-તાપી ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે?

----

## દાહોદ જિલ્લામાં મેલેરિયાના કેસો

15/3/532 *83 **શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા (ફતેપુરા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી મેલેરિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) મેલેરિયા અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## શ્રી એચ.કે.રાઠોડની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિનો અહેવાલ

15/3/461 *84 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) યુ.જી.સી.એ આપેલ આદેશ મુજબ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓના સત્તામંડળો (સેનેટ, સેનૂડીકેટ અને એકેડેમિક કાઉન્સિલ વગેરે)માં એસસી/એસટી માટે અનામત પ્રથા લાગુ કરવા માટે નિવૃત્ત જજ શ્રી એચ.કે. રાઠોડની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની સમિતિની રચના તા. ૨૯/૦૧/૨૦૧૯ના રોજ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ઉક્ત સમિતિનો અહેવાલ સરકારને તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ક્યારે મળેલ છે, અને

(૩) મળેલ અહેવાલ અન્વયે ક્યારે અને શા પગલાં લીધા?

----

## બોટાદ અને અમદાવાદ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા એલ. એન્ડ ટી. (L&T)ને આપવામાં આવેલ ટેન્ડર બાબત

15/3/220 *85 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૦/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને અમદાવાદ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા એલ. એન્ડ ટી. (L&T) કંપનીને કેટલા કામો માટે કેટલી રકમના ટેન્ડર આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામો પુરા કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામોની ગુણવત્તાની તપાસ કઈ એજન્સી દ્વારા કરવામાં આવી છે ?

----

## રાજકોટ જિલ્લાની જેતપુર ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજના બાબત

15/3/303 *86 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાની જેતપુર ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરેલ છે,

(૨) આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલી નાણાંકીય જોગવાઇ કરવામાં આવી છે,

(૩) ઉક્ત સ્થિતિએ યોજનાની કામગીરી ક્યાં તબક્કે છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

----

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદની બિલ્ડીંગ ભાડે આપવા બાબત

15/3/439 *87 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે આવેલ મકાનો/બિલ્ડીંગ કે તેમનો અમુક ભાગ/માળ/મજલો ખાનગી એજન્સી/કંપનીને ભાડેથી કે ભાડા બગર કબ્જો આપવામાં આવેલ છે તે ફરીયાદથી સરકાર તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા બિલ્ડીંગ કે તેમનો અમુક ભાગ/માળ/મજલો ક્યારથી કોને કબ્જો આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કબ્જો આપવાના કારણો શાં છે, અને

(૪) તે અન્વયે સરકારે ઉક્ત સ્થિતિએ સરકારે શાં પગલા લીધા?

----

## GEMERS હોસ્પિટલોમાં ડાયાલિસિસ

15/3/416 *88 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ઈ-વન ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ(GDP) અંતર્ગત રાજ્યમાં કુલ કેટલા ડાયાલિસિસ મશીન અને કેટલા સેન્ટર આવેલા છે,

(૨) ઉક્ત સેન્ટરોમાં ડાયાલિસિસ માટે નેફ્રોલોજિસ્ટ તબીબ હોવા ફરજિયાત છે કે કેમ, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ખાનગી, સરકારી અને GEMERS હોસ્પિટલોમાં કેટલા ડાયાલિસિસ થયા?

----

## કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં મંજૂરી વિના બાંધકામ

15/3/431 *89 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન(CRZ)ની મંજૂરી વિના ગુજરાતના દરિયા કિનારે બાંધકામ થયા છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધકામ થયા હોવાનું સામે આવ્યું, અને

(૩) આવા મંજૂરી વિના થતા બાંધકામ અટકાવવા સરકારે શા પગલાં લીધા?

----

## કચ્છીપુરા ગામની સીમમાં કેમીકલયુકત પાણી પીવાથી ઊંટના મોત

15/3/458 *90 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) મે-૨૦૨૩માં ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ચાંચવેલ ગામ નજીક આવેલા કચ્છીપુરા ગામની સીમમાં કેમીકલયુક્ત પાણી પીવાથી કેટલા ઊંટના મોત થયા,

(૨) તે અન્વયે તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ક્યા જવાબદારો સામે શા પગલાં લીધાં, અને

(૩) ઊંટ માટે પીવાના પાણીની કોઈ વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ?

----

## દાહોદ જિલ્લામાં નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

15/3/525 *91 **શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું બાંધકામ ક્યા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં આયુષ્યમાન કાર્ડ માન્ય ન રાખનાર હોસ્પીટલો સામે કાર્યવાહી

15/3/321 *92 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આયુષ્યમાન કાર્ડ(PMJAY) યોજનાની માન્યતા ધરાવતી કઈ હોસ્પીટલોએ દર્દીઓ પાસેથી આયુષ્યમાન કાર્ડ હોવા છતાં પૈસા વસુલ્યા હોવાના કેટલા બનાવો બન્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવો અટકાવવા અને આયુષ્યમાન કાર્ડ હોય તેવા દર્દીઓ પાસેથી પૈસા ન વસુલે તે માટે સરકારે શાં પગલાં લીધા, અને

(૩) તે અન્વયે કઈ હોસ્પીટલોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો?

----

## "નો ડેવલોપમેન્ટ ઝોન" માં રીસોર્ટ બનાવવા બાબત

15/3/493 *93 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**પ્રવાસન :-**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ દ્વારા દરિયા કિનારે "નો ડેવલપમેન્ટ ઝોન"માં રીસોર્ટ બનાવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ઉક્ત રીસોર્ટ બનાવતાં પહેલાં સી.આર.ઝેડની મંજૂરી લીધેલ છે કે કેમ અને ક્યારે લીધેલ છે, અને

(૩) ઉક્ત રીસોર્ટ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો?

----

## ખેડા જિલ્લામાં રાસ્કા વિયર આધારીત નહેરોનું નવીનીકરણ

15/3/308 *94 **શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર (માતર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૦/૦૬/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં રાસ્કા વિયર આધારીત નહેરોમાં નવીનીકરણની કામગીરી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત કામગીરી કેટલી લંબાઈની નહેરોમાં હાથ ધરાયેલ છે, અને

(૩) તે કેટલા ખર્ચે હાથ ધરાયેલ છે ?

----

## રાજ્યમાં ઘોરાડ પક્ષીઓની સંખ્યા

15/3/419 *95 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ(ઘોરાડ) પક્ષી કયા જિલ્લામાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઘોરાડ પક્ષીની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લુપ્ત થતાં ઘોરાડ પક્ષીને બચાવવા સરકારે શા પગલાં લીધાં?

----

## રીંછ માટે ઈકોલોજિકલ કોરિડોર

15/3/428 *96 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને ઈસરોએ ગુજરાતમાં રીંછની રહેણીકરણીને લઈને વર્ષ ૨૦૧૮માં એક સંશોધન રીપોર્ટમાં સરકારને બનાસકાંઠાના જેસોર, સાબરકાંઠામાં પોળોના જંગલ, જાંબુઘોડામાં રતનમહાલ અને નર્મદાના શૂળપાણેશ્વરમાં રીંછ માટે ઈકોલોજિકલ કોરિડોર બનાવવાની ભલામણ કરેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત કોરીડોર કાર્યરત કરવામાં આવનાર છે?

----

## રાજ્યમાં નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલ

15/3/539 *97 **ડૉ.દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે?

(૨) જો હા, તો કેટલી હોસ્પિટલ અને તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે?

----

## ખાનગી એપીએમસીની મંજુરી

15/3/454 *98 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**સહકાર :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી એપીએમસી સ્થાપવા કઈ કઈ એપીએમસી દ્વારા મંજુરી માંગવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કઈ કઈ ખાનગી એપીએમસીને ક્યારે મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત ખાનગી એપીએમસીને મંજુરી આપવાના કારણો શા છે ?

----

## યુનિવર્સિટી અને કોલેજોને નેકની માન્યતા મેળવવા બાબત

15/3/442 *99 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ અને કોલેજોએ નેક(નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સીલ)ની માન્યતા લેવાની હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ ઉક્ત માન્યતા મેળવી છે અને કેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ માન્યતા મેળવવાની બાકી છે, અને

(૨) યુનિવર્સિટીઓ અને કોલેજોએ નેકની માન્યતા ન મેળવેલ હોય તેની સામે શા પગલાં લીધાં?

----

## ગાંધીનગર ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ

15/3/544 *100 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ગાંધીનગર ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

### જે.ઝેડ. શાહ કોલેજમાં બી.કોમની પરીક્ષાના પેપર લીકની ફરિયાદ

15/3/426 *101 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) ઓગસ્ટ-૨૦૨૩માં સુરત જિલ્લાના અમરોલીની જે.ઝેડ શાહ કોલેજમાં એસ.વાય. બી.કોમ. સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પેપરલીક થયેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૧૫/૦૮/૨૩ની સ્થિતિએ કયા વિષયની પરીક્ષાનું પેપર લીક થયેલ છે,

(૩) ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર હતા, અને

(૪) ઉક્ત સ્થિતિએ પેપર લીક કરનાર કોની સામે શા પગલાં લેવામાં આવ્યા?

----

### રાજ્યમાં નવા દ્વીપો/ટાપુઓ

15/3/513 *102 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**પ્રવાસન :-**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા કેન્દ્રના આદેશથી ૨૬ ટાપુઓ/દ્વીપો શોધીને પ્રવાસન યોગ્ય બનાવવા અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં કયા કયા ટાપુઓ/દ્વીપો શોધવામાં આવ્યા,

(૨) ઉક્ત ટાપુઓ/દ્વીપોને વિકસાવવા દરેક માટે કયાં સ્થળે અને કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો?

----

### અંજાર ખાતે હોસ્પિટલ

15/3/521 *103 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અંજાર, જિ.-કચ્છ ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે?

----

## રીવરફ્રન્ટની નબળી કામગીરી બાબતે મળેલ ફરીયાદો

15/3/446 *104 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**પ્રવાસન :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માણાવદર, વંથલી, બાંટવા અને મેંદરડામાં બની રહેલ રીવરફ્રન્ટની કામગીરી ખુબ જ નબળી અને હલકી કક્ષાની થતી હોવા અંગેની કેટલી ફરીયાદો પ્રવાસન પ્રભાગ કે તેના તાબા હેઠળની કચેરીઓને મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે ક્યારે કઈ કક્ષાએથી તપાસ કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિઓ સામે આવી, અને

(૪) તે અન્વયે કયા જવાબદારો સામે શા પગલાં લીધાં?

----

## બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં ગાળા ડેમનું બાંધકામ બાબત

15/3/296 *105 **શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા (બોટાદ):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાનાં ગાળા ડેમનું કામ ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

----

## ગુજરાત યુનિવર્સિટીમાં ઉત્તરવહીઓ ગાયબ થવા બાબત

15/3/440 *106 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત યુનિવર્સીટીના બોટની વિભાગમાંથી બીએસસી નર્સિંગના ચોથા વર્ષની પરીક્ષાની ઉત્તરવહીઓ ગાયબ થઈ ગયેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી ઉત્તરવહીઓ ગાયબ થઈ ગયેલ છે,

(૩) ઉક્ત ઉત્તરવહીઓ ગાયબ થવાના શા કારણો સામે આવ્યા, અને

(૪) તે અન્વયે ક્યારે કયા સ્થળે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી?

----

## નાઘેડી ખાતે સ્વામિનારાયણ ગુરૂકુળ કોલેજમાં પરીક્ષામાં ગેરરીતિ બાબત

15/3/417 *107 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નાઘેડી ખાતે આવેલ સ્વામિનારાયણ ગુરૂકુળ કોલેજ ખાતે બી.કોમ સેમેસ્ટર-૨ની પરીક્ષામાં અમુક ચોક્કસ પરીક્ષાર્થીઓ દ્વારા અલગ રૂમમાં બેસીને પરીક્ષા આપીને ગેરરીતિ આચરવામાં આવતી હોવાની હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત બાબતે કેટલા પરીક્ષાર્થીઓએ ગેરરીતિ કર્યાનું સામે આવ્યું, અને

(૩) તે અન્વયે કયા જવાબદારો સામે શાં પગલાં લીધાં?

----

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં અધિકારી વર્ગની ભરતી

15/3/432 *108 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં વર્ષ ૨૦૨૨માં અધિકારી વર્ગની જુદી-જુદી ભરતીમાં નિમણૂંક પહેલાં જ પસંદ થયેલા ઉમેદવારોના નામ જાહેર થઈ ગયેલાં હતાં તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે સરકારે શું કાર્યવાહી કરી?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ

15/3/322 *109 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન કેટલા બાળકો રોગગ્રસ્ત જણાયા,

(૨) આ બાળકોને મુખ્યત્વે કયા રોગ હતા, અને

(૩) આ બાળકોના રોગની સારવાર માટે સરકારે શી વ્યવસ્થા કરી?

----

## ભાવનગર યુનિવર્સિટીમાં બી.કોમ પરીક્ષાના પેપર લીકની ફરિયાદ

15/3/449 *110 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

(૧) વર્ષ-૨૦૨૩માં ભાવનગર યુનિવર્સિટીની બી.કોમ.ની પરીક્ષાનું પેપરલીક થયેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા વિષયની પરીક્ષાનું પેપર લીક થયેલ છે,

(૩) ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર હતા, અને

(૪) ઉક્ત સ્થિતિએ પેપર લીક કરનાર કોની સામે શાં પગલાં લેવામાં આવ્યા?

----

## ગુજરાતમાં મીઠા ઉદ્યોગને થયેલ નુકશાની

15/3/429 *111 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**મીઠા ઉદ્યોગ :-**

(૧) જુન-૨૦૨૩માં ગુજરાતમાં આવેલ બિપોરજોય વાવાઝોડાથી મીઠા ઉદ્યોગને નુકશાની થયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ મીઠા ઉદ્યોગને થયેલ નુકશાની અંગે ક્યારે સર્વે કરવામાં આવ્યો,

(૩) તે અન્વયે મીઠા ઉદ્યોગમાં કેવા પ્રકારની કેટલી રકમની નુકશાની થયાનું સામે આવ્યું, અને

(૪) તે અન્વયે ક્યા જિલ્લાના કેટલા મીઠા ઉદ્યોગોને કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ?

----

## કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ

15/3/455 *112 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૦/૦૩/૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૮૦૧૩ (અગ્રતા-૯૭)ના અનુસંધાને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે

(૧) કચ્છ જિલ્લામાં માંડવી-ગુંદીયાળી ખાતે દરિયાકાંઠાના વિસ્તારોમાં દરીયાનું ખારૂ પાણી મીઠું બનાવી પીવાનું પાણી પુરૂ પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટ માટે બાંધકામની કામગીરી બે વર્ષમાં પૂર્ણ થતા પ્લાન્ટ કાર્યરત થશે અને દૈનિક કુલ ૧૦ કરોડ લિટર પાણી મીઠું થનાર હતું, તે કામગીરી તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામગીરી પાછળ રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કર્યો,અને

(૪) ઉક્ત કામગીરી ઉક્ત એજન્સી દ્વારા સમયસર કરેલ ન હોય તો ક્યારે શા પગલાં લીધા ?

----

## રાજ્યમાં ઘાસના સંગ્રહ માટે વખારો

15/3/443 *113 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**વન અને પર્યાવરણ :-**

(૧) તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ઘાસના સંગ્રહ માટે વખારો બાંધવા માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમમાંથી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી વખારો બંધાઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી?

----